અપીલ અરજી નં.૧૧૮ તા.૨૯–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મુકેશ અનિલકુમાર કાનુગા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશ અનિલકુમાર કાનુગાની તા.૧૨–૫–૧૦ નીઅરજીથી નવાગામ રેવન્યુ સર્વે નં.૩૨/૨ પૈકીની ટી.પી. સ્કીમ નં.૮ ના ફા.પ્લોટ નં.૧૦ ની રજાચીઠ્ઠી/હુકમ નંબર પુર્વઝોન/ટીડી/૧૯ તા.૯–૧૨–૯૮ થી હુકમ થયેલ છે. તે હુકમ મેળવવા માટે અરજદાર ધ્વારા થયેલ અરજી, અરજી સાથે સામેલ રાખેલ બિડાણ, નકલ, કચેરી ધ્વારા કોઈ ખુટતી માહિતી મંગાવેલ હોય તો તેના પત્રની નકલ, અરજદાર ધ્વારા રજુ થયેલ પુરાવાની નકલ, રોજકામ, પંચકયાસ, જવાબો વિ. તમામ પત્રોની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૧૮/૨૦૧૦–૧૧

શ્રી મુકેશ અનિલકુમાર કાનુગાની તા.૧૨–૫–૧૦ની અરજીથી નવાગામ ેવન્યુ સર્વે નં.૩૨/૨ પૈકીની ટી.પી. સ્કીમ નં.૮ ના ફા.પ્લોટ નં.૧૦ ની રજાચીઠ્ઠી/ હુકમ નંબર પુર્વઝોન/ટીડી/૧૯ તા.૯–૧૨–૯૮ થી હુકમ થયેલ છે. તે હુકમ મેળવવા માટે અરજદાર ધ્વારા થયેલ અરજી, અરજી સાથે સામેલ રાખેલ બિડાણ, નકલ, કચેરી ધ્વારા કોઈ ખુટતી માહિતી મંગાવેલ હોય તો તેના પત્રની નકલ અરજદાર ધ્વારા રજુ થયેલ પુરાવાની નકલ, રોજકામ, પંચકયાસ, જવાબો વિ. તમામ પત્રોની નકલની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતિ અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/ આરટીઆઈ/૧૦૮ તા.૩૧–૫–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૨ તા.૫–૭–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/ આરટીઆઈ / અરજી નં.૧૦૮ તા.૧૩–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/ આરટીઆઈ/૧૦૮ તા.૩૧–૫–૧૦ ના પત્રની નકલ અત્ર ે મળેલ છે.

અરજદારની તા.૧૨–૫–૧૦ ની અરજી ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૮ તા.૩૧–૫–૧૦ થી " ઝોન કચેરીએ ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં માંગ્યા મુજબની માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય તેમ આપી શકાય તેમ નથી. " તેવું જણાવેલ. જેના સંદર્ભે અરજદારે માહિતી ન આપવાના લીધે તા.૨૯–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. આમ અરજદારને રેકર્ડ ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. જે બાબતે અરજદારે રજાચિઠ્ઠીની નકલ રજૂ કરેલ છે. રજાચિઠ્ઠી મેળવવા અરજી સાથેના પેપર્સ હોવા અનુમાનિત છે. જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. પરંતુ અરજદારને માહિતીના રેકર્ડના નાશ કે નિકાલ અંગે કોઈ વિગતો જણાવેલ નથી. અરજદારે રજૂ કરેલ રજાચિઠ્ઠી તથા તેની પાછળ નિર્દિષ્ટ પેટા નિયમો ધ્યાને લેતાં પણ આવું દફતર કચેરી કક્ષાએ હોવું અનુમાનિત છે. અન્યથા તેના નાશ કે નિકાલની વિગતો દફતરે હોવી અનિવાર્ય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે રજાચિઠ્ઠી અને તેના પેટા નિયમો શરતોને અનુલક્ષી મનપા તરફથી અપાતી અન્ય સુવિધાના દફતરે તેવી કોઈ માહિતી ઉપલબ્ધ હોય તો ફેર ચકાસી દફતરી માહિતી પૂરી પાડવા અન્યથા મહાનગરપાલિકા અમલી રેકર્ડ વર્ગીકરણ રુલ્સની વિગતેદફતરી નિકાલ કે નાશ કર્યા બાબતની હકીકતલક્ષી વિગત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને જણાવવામાં આવે છે.

આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન).. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મુકેશ અનિલકુમાર કાનુગા,